# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Sunday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે તેલંગણામાં 21 હજાર, 566 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાયન્સ કરશે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આકાંક્ષી ઘટક કાર્યક્રમનો હેતુ બ્લોક સ્તરે નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે.
- ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે સ્વચ્છતા માટે એક તારીખ, એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.
- માલદીવમાં બીજા અને અંતિમ તબક્કાના મતદાનમાં મોહમ્મદ મુઇઝુને માલદીવના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે
- ભારતે એશિયન ગેમ્સમાં 10 સુવર્ણ, 14 રજત અને 14 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 38 ચંદ્રકો સાથે ચંદ્રકોની યાદીમાં પર ચોથા સ્થાને પહોંચી ગયું છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PMVisit-Telangana

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે તેલંગાણામાં 21 હજાર 566 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાઓ દેશને સમર્પિત કરશે અને કેટલીક અન્ય યોજનાઓનો શિલાન્યાસ કરશે. આ યોજનાઓ રોડ અને રેલ માળખાકીય સુવિધા , શિક્ષણ, સ્વચ્છતા, ઉર્જા અને પાવર સાથે સંબંધિત છે.

પ્રધાનમંત્રી આજે બપોરે હૈદરાબાદ થઈને મહબૂબનગર જશે. તેઓ 550 કરોડના ખર્ચે મુનિરાબાદ-મહબૂબનગર રેલ્વે સેક્શન પર બનાવવામાં આવેલ જકલેર-ક્રિષ્નન રેલ્વે લાઇન રાષ્ટ્રને સમર્પિત કરશે. તેનાથી હૈદરાબાદ અને ગોવા વચ્ચેનું અંતર સો કિલોમીટર ઓછું થશે. શ્રી મોદી કુચીગુડા-રાયચુર ડેમુ રેલ સેવા અને બે હજાર 457 કરોડના ખર્ચે બનેલા ચાર માર્ગીય સૂર્યપેટ-ખમ્મમ ધોરી માર્ગનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી છ હજાર 400 કરોડ રૂપિયાના ખર્ચની કેટલીક અન્ય રોડ યોજનાનો શિલાન્યાસ કરશે. તેઓ હસન-ચારલાપલ્લી એલપીજી પાઇપલાઇન રાષ્ટ્રને સમર્પિત કરશે, જેનું નિર્માણ HPCL દ્વારા બે હજાર 661 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે.

શ્રી મોદી આંધ્રપ્રદેશમાં કૃષ્ણસપટ્ટભાનમ અને હૈદરાબાદ વચ્ચે બહુ-ઉત્પાદન પાઇપલાઇનના નિર્માણ માટે શિલાન્યાસ કરશે. એક હજાર 932 કરોડના ખર્ચની આ યોજના ડીઝલ, પેટ્રોલ, કેરોસીન અને જેટ ઇંધણના પરિવહન અને સપ્લાયને સરળ બનાવશે.

પ્રધાનમંત્રી હૈદરાબાદની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ , સ્કૂલ ઑફ મેથેમેટિક્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સ, સ્કૂલ ઑફ મેનેજમેન્ટ, સ્કૂલ ઑફ આર્ટસ એન્ડ કમ્યુનિકેશનની ઇમારતોનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કરશે અને આજે સાંજે મહબૂબનગરમાં જનસભાને પણ સંબોધશે. પ્રધાનમંત્રી મંગળવારે નિઝામાબાદમાં 8 હજાર 21 કરોડ રૂપિયાના કેટલાક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે અને કેટલાક પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ છ હજાર કરોડ રૂપિયાના રામાગુંડમ ખાતે એનટીપીસીના અત્યાધુનિક 800 મેગાવોટ પાવર પ્લાન્ટને રાષ્ટ્રને સમર્પિત કરશે. શ્રી મોદી આવતીકાલે તેલંગાણાની મુલાકાતે 13 હજાર 500 કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે અને રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી મોદી નાગપુરથી વિજયવાડા ઇકોનોમિક કોરિડોરનો ભાગ એવા મોટા રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીયધોરી માર્ગ 365BB ના સૂર્યપેટ થી ખમ્મમ સેક્શન વચ્ચે 59 કિલોમીટર લાંબો રસ્તોપણ રાષ્ટ્રને સમર્પિત કરશે. આશરે બે હજાર 460 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ આ પ્રોજેક્ટ હૈદરાબાદથી વિશાખાપટ્ટનમ કોરિડોરનો એક ભાગ છે. શ્રી મોદી જેકલર-ક્રિષ્ના નવી રેલ્વે લાઇનનું પણ ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા કૃષ્ણા સ્ટેશનથી હૈદરાબાદ કાચીગુડા - રાયચુર – હૈદરાબાદ કાચીગુડા ટ્રેન સેવાને પણ ફ્લેગ ઓફ કરશે.. શ્રી મોદી હસન-ચેરલાપલ્લી એલપીજી પાઇપલાઇન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ કૃષ્ણપટ્ટનમથી હૈદરાબાદ સુધી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની મલ્ટી-પ્રોડક્ટ પેટ્રોલિયમ પાઇપલાઇનનો શિલાન્યાસ પણ કરશે. 425 કિલોમીટર લાંબી પાઈપલાઈન એક હજાર 940 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે.

# EVE-PM-SANKALP-SAPTAAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આકાંક્ષી ઘટક કાર્યક્રમનો હેતુ બ્લોક સ્તરે નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ગઈકાલે સંકલ્પ સપ્તાહનો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ કહ્યું કે આકાંક્ષી ઘટક કાર્યક્રમ દેશના 329 જિલ્લાના 500 મહત્વકાંક્ષી બ્લોક્સમાં વહીવટીતંત્રની ગુણવત્તામાં સુધારો કરીને લોકોનું જીવન સુધારશે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમ ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે કહ્યું કે આકાંક્ષી જિલ્લા કાર્યક્રમે 112 જિલ્લાઓમાં 25 કરોડ લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. આ કાર્યક્રમે પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે અને તે કાર્યક્ષમ વહીવટનું મજબૂત ઉદાહરણ સાબિત થયું છે.

# GUJARAT SHRAMDAN

ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે સ્વચ્છતા માટે એક તારીખ , એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના રાણીપમાં શ્રમદાનમાં ભાગ લેશે, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં તેમના વિધાનસભા મતવિસ્તાર ઘાટલોડિયામાં સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેશે. રાજ્યભરમાં વિવિધ સ્થળોએ મંત્રીઓ અને ધારાસભ્યો સહિત વિવિધ જનપ્રતિનિધિઓ એક કલાક સુધી શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ભૂમિ ગુજરાતમાં આજે મોટી સંખ્યામાં શ્રમદાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે , ગુજરાતમાં 'સ્વચ્છતા હી સેવા' પોર્ટલ પર 30 હજારથી વધુ શ્રમદાન કાર્યક્રમો નોંધાયા છે, જેમાં આશરે 25 લાખથી વધુ લોકો ભાગ લે તેવી સંભાવના છે. શ્રમદાન કાર્યક્રમોમાં 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ પહેલ'ને પ્રોત્સાહિત કરવામાં આવશે.

'સ્વચ્છતા હી સેવા ' અભિયાન હેઠળ , રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં અત્યાર સુધીમાં કુલ સવા લાખ પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં આવી છે , જેમાં લગભગ ત્રણ કરોડ ગ્રામવાસીઓની ભાગીદારી નોંધવામાં આવી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજ્યના 11 હજાર જેટલા બ્લેક સ્પોટ પર મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાવેલ લાઈફ ઝુંબેશ અંતર્ગત રાજ્યના 14 મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા અભિયાનપણ હાથ ધરવામાં આવ્યું હતું..

# Amit Shah - Gujarat

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં અમદાવાદ ખાતે 1 હજાર 651 કરોડ રૂપિયાના પ્રજાલક્ષી કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું.

ગાંધીનગરના તેમના લોકસભા મત વિસ્તારમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી શાહે જી-20 સમિટની અભૂતપૂર્વ સફળતા, ઐતિહાસિક મહિલા આરક્ષણ વિધેયક , નવા સંસદ ભવન અને ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં ચંદ્રયાન-3ના સફળ ઉતરાણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે.

ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકા અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના કુલ ચાર તળાવો સહિત પિંક ટોઇલેટ , ઓવરહેડ ટાંકી , ત્રાગડ ખાતે લલિતા ગોવિંદ ઉદ્યાન , કોમ્યુનિટી હોલ , એમ.એસ.પાઇપલાઇન સહિતના પ્રકલ્પોનું વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગૃહમંત્રીએ દેશમાં કારીગરોના સશક્તિકરણ માટે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાની પણ પ્રશંસા કરી હતી.

# NT. MALDIVES ELECTION RESULT

માલદીવમાં ગઇકાલે રાત્રે બીજા અને અંતિમ તબક્કાના મતદાનમાં મોહમ્મદ મુઇઝુને માલદીવના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે , તેમણે વર્તમાન રાષ્ટ્રપતિ મોહમ્મદ સોલિહને હરાવ્યા છે.

ચૂંટણી પંચની વેબસાઈટ અનુસાર, લગભગ તમામ મતોની ગણતરી થઈ ગયા પછી, વિપક્ષી PPM-PNC ગઠબંધનના શ્રી મુઈઝુને 54 ટકા મત મળ્યા , જ્યારે MDPના વર્તમાન રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ સોલિહને 46 ટકા મત મળ્યા. 45 વર્ષીય એન્જિનિયર મુઈઝુએ સાત વર્ષ સુધી આવાસમંત્રી તરીકે સેવા આપી હતી. જ્યારે તેમને રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડવા માટે પસંદ કરવામાં આવ્યા હતા ત્યારે તેઓ રાજધાની માલેના મેયર હતા. મધ્યરાત્રિ પહેલા હાર સ્વીકારતા શ્રી સોલિહે એક સંદેશમાં શ્રી મુઇઝુને અભિનંદન આપ્યા અને સુંદર લોકશાહી ઉદાહરણ માટે માલદીવના લોકોનો આભાર વ્યક્ત કર્યો.

શ્રી મુઇઝુ તેમની પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાર્ટીના પ્રચાર મુખ્યાલયની બહાર થોડા સમય માટે ઉપસ્થિત રહ્યા અને સમર્થકોને આજે સવાર સુધી ઉજવણી ન કરવા વિનંતી કરી. શ્રી સોલિહ 17 નવેમ્બરે સુધી કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપશે અને ત્યારબાદ તેમના અનુગામી તેમનું સ્થાન લેશે.

# ASIAN-GAMES--1830-HRS

ભારતે એશિયન ગેમ્સમાં 10 સુવર્ણ , 14 રજત અને 14 કાંસ્ય એમ કુલ 38 ચંદ્રકો સાથે મેડલ યાદીમાં ચોથા સ્થાને પહોંચી ગયું છે.

ટેબલ ટેનિસમાં ભારતની આહિકા મુખર્જી અને સુતીર્થ મુખર્જીએ ચીનને 3-1થી હરાવીને મહિલા ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

મિક્સ્ડ ડબલ્સ ટેનિસ ફાઇનલમાં, રોહન બોપન્ના અને રૂતુજા ભોસલેએ ચાઇનીઝ તાઇપેઇના એન-શુઓ, સુંગ-હાઓ હુઆંગને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

પુરૂષ ટીમ સ્ક્વોશ ઈવેન્ટમાં , સૌરવ ઘોસાલ , અભય સિંહ અને મહેશ મંગાંવકરની ભારતીય ત્રિપુટીએ ફાઇનલમાં પાકિસ્તાનને 2-1થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. દરમિયાન, સરબજોત સિંહ અને દિવ્યા થડીગોલ સહિત ભારતીય શૂટિંગ ટુકડીએ 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમ ફાઇનલમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

દરમિયાન, પ્રીતિ અને લોવલિના બોર્ગોહેને પોતપોતાની બોક્સિંગ કેટેગરીની સેમિફાઈનલમાં પ્રવેશ કરીને ભારતને ચંદ્રકોની ખાતરી આપીત્રણેય મહિલા બોક્સરોએ પણ ઓલિમ્પિકમાં પોતાનું સ્થાન સીલ કરી લીધું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સ 2023માં 10 મીટર એર પિસ્તોલ મીક્ષ ટીમે રજત ચંદ્રક જીતવા બદલ સરબજોત સિંહ અને દિવ્યા ટી.એસ.ને અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ કિરણ બાલિયાનને એશિયન ગેમ્સમાં શોટ પુટ ઈવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા છે.

# REV.J&K : TERRORISTS

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરના કુમકોડી વિસ્તારમાં સેના અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ગુપ્ત માહિતીના આધારે , પોલીસ અને સેનાએ નિયંત્રણ રેખા પાસે માછિલ સેક્ટરના કુમકર્ડીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

સંયુક્ત ટીમે આતંકવાદીઓની હિલચાલ શોધી કાઢી અને ચોક્કસ વ્યૂહરચના સાથે બે આતંકવાદીઓને ઘેરી લીધા. જ્યારે ઘેરાયેલા , આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો અને સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં , ભારે હથિયારોથી સજ્જ બે અજાણ્યા આતંકવાદીઓ માર્યા ગયા.માર્યા ગયેલા આતંકવાદીઓ અને તેમના સંગઠનની ઓળખ કરવામાં આવી રહી છે. એન્કાઉન્ટર સ્થળ પરથી એકે શ્રેણીની રાઈફલ્સ, દારૂગોળો અને પાકિસ્તાની ચલણ મળી આવ્યું હતું.